# ઓર્નીથોલોજી વિભાગ દ્વારા કેવીકે, ડેડીયાપાડા ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરાયું

ઓર્નીથોલોજી વિભાગ દ્વારા કેવીકે, ડેડીયાપાડા મુકામે ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત તારીખ ૦૮-૦૪-૨૦૨૨ ના રોજ એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ. ઓર્નીથોલોજી વિભાગ ના વડા ડો. સી. કે. બોરડ અને કેવીકે, ડેડીયાપાડા ના વડા ડો. પી. ડી. વર્માના તમામ માર્ગદર્શન હેઠળ ડો. જે. જી. દુલેરા તથા ડો. મીનાક્ષી તિવારી દ્વારા ૫૦ ખેડૂત બહેનોને ખેત-ઓજાર, બાયો પેસ્ટીસાઇડ, પક્ષીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડો. જે. જી. દુલેરા દ્વારા પક્ષીઓનું ખેતીમાં મહત્વ તથા પક્ષીઓની ખેતીમાં ઉપયોગીતા વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તથા ખેતી પાકોમાં નીલ ગાયથી થતું નુકશાન અને નિવારણ માટેના પ્રાથમિક પ્રયોગોની ચર્ચા કરી હતી. ડો. પી. ડી. વર્મા દ્વારા કેવીકે, ડેડીયાપાડા ખાતે ચાલતી ખેતી પ્રવૃત્તિઓની ઝાંખી આપી હતી. ડો. મીનાક્ષી તિવારીએ કિચન ગાર્ડન અને શાકભાજી તથા ફળોનું મહત્વ વિષે વિશેષ માહિતી આપી હતી. ડો. વિજય પોશીયા દ્વારા ખેતી પાકોમાં ખેડૂતોને થતા નુકશાન અને નફાકારક ખેતી માટેની સાવચેતી પર માહિતી આપવામાં આવી હતી. ડો. જે. જી. દુલેરા તથા શ્રી. આશિષ નાયી દ્વારા તમામ કિટની ઉપયોગીતા પર ચર્ચા કરવામાં આવેલ. તમામ કાર્યક્રમની અભાર વિધિ ડો. મીનાક્ષી તિવારી, કેવીકે, ડેડીયાપાડા દ્વારા કરવામાં આવી હતી.

| **કાર્યક્રમની ઝાંખી** | |
|---|---|
|  |  |
| **આદિજાતિના ૫૦ ખેડૂત બહેનોમાં કીટ વિતરણ** | **આદિજાતિના મહિલા ખેડૂત સાથે ખેતીની વાતો** |
|  |  |
| **આદિજાતિના ખેડૂત બહેનો દ્વારા ઉત્સાહભેર ખેડૂત શિબિરમાં હાજરી** | **ડો. જે. જી. દુલેરા દ્વારા પક્ષીઓનું ખેતીમાં મહત્વ તથા પક્ષીઓની ખેતીમાં ઉપયોગીતા વિષય પર વિસ્તૃત ચર્ચા** |

|  |  |
| --- | --- |
| **શ્રી. આશિષ નાયી દ્વારા ખેડૂત બહેનોમાં કીટ વિતરણ** | **ડો. જે. જી. દુલેરા દ્વારા ખેડૂત બહેનોમાં કીટ વિતરણ** |